એમ.એ.સી.પી.પરચુ. અરજી નં.૫૪૨/૨૦૧૪

આંક-૧ નીચે હુકમ

અરજદાર કે અરજદારના વકીલશ્રીનો પોકાર કરાવતાં હાજર નથી. કોઈ મુદત અરજી નથી. આંક-૧ની વિલંબ માફ કરવાની અરજીની હકીકત ધ્યાને લીધી. અરજી ૨૦૧૪ની છે સુનાવણી માટે છે. પરંતુ અરજદાર અને અરજદારના વકીલનો વારંવાર પોકાર કરાવતાં હાજર નથી કે કોઈ મુદત અરજી રજુ થતી નથી. અને તા.૨૩/૨/૧૭ ના રોજ પણ અરજદારના વકીલ હાજર ન હતા. તા.૧૦-૩-૧૭ ના રોજ પણ અન્ય કામમાં હાજર હતા પણ આ કામે સુનાવણી કરેલ નહી. તા.૧૨-૪-૧૭ ના રોજ પણ અરજદારના વકીલ હાજર ન હતા ન્યાયના હિતમાં મુદત મુકરર કરેલ. આજે પણ અરજદારના વકીલનો વારંવાર પોકાર કરાવતાં હાજર નથી. જેથી અરજદાર અને અરજદારના વકીલની ગેરહાજરીના કારણે સુનાવણી થતી નથી કામ લંબાય છે અને અરજદારની કસુરના કારણે કામ લંબાઈ આ હકીકત નજર સમક્ષ રાખતા અરજદાર અને તેના વકીલશ્રી ગેરહાજર હોય જેથી વિલંબ માફ કરવાની અરજી ગેરહાજરી સબબ અને સુનાવણીના અભાવે ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૩-૪-૧૭

એમ.એસી.ટી.(ઓકઝી.)
છઠ્ઠા એડહોક એડી. ડીસ્ટ્રીકટ જજ,
ગોધરા .પંચમહાલ